ગાંધીનગર સમાચાર

# બનાસડેરીની ચૂંટણી પર સરકારની બ્રેક

## પૂર્વ ચેરમેન પરથીભાઈ ભટોળની ઝડપથી ચૂંટણી કરાવવાની આશા પર પાણી ફરી વળ્યુ

પાલનપુર, તા. ૨૯

રાજયમાં મહાનગર-પાલીકાઓ, નગરપાલિકાઓ અને જિલ્લા-તાલુકા પંચાયતોની ચૂંટણીનું બ્યુગલ ફુંકાઈ જતા રાજ્ય સરકાર દ્વારા મહત્વની સહકારી સંસ્થાઓની ચૂંટણીઓ યોજવા પર અચાનક બ્રેક લગાવી સહકારી ચૂંટણીઓ સ્થગીત કરવાની જાહેરાત કરાઈ છે. જેથી સહકારી માળખામાં ભારે હડકંપ મચી જવા પામી છે. જેમાં જીલ્લાની અગ્રણી સંસ્થા બનાસડેરીની ચૂંટણી પંચ હવે આગામી વર્ષે જ યોજાય તેવા સંજોગો ઉભા થયા છે. જોકે બનાસડેરીની ચૂંટણીમાં પૂર્વ ચેરમેન પરથીભાઈ ભટોળ દ્વારા આચરાયેલા ભ્રષ્ટાચારને હાલ તપાસ ચાલી રહી છે અને પરથીભાઈએ ઝડપથી ચૂંટણી યોજવા કોર્ટના દ્વાર ખટખટાવેલા છે. ત્યારે ઝડપથી ચૂંટણી યોજવાના પરથીભાઈના મનસુબા પર પાણી ફરી વળ્યું છે.

જોકે બનાસડેરીમાં પૂર્વ ચેરમેન પરથીભાઈ ભટોળ દ્વારા ચૂંટણી ઝડપથી યોજવા આંદોલન ઉભુ કરી તેમજ હાઈકોર્ટમાં અપીલ કરી સરકાર પર ચૂંટણી તાત્કાલિક યોજવા ભારે દબાણ કર્યુ હતું. પરંતુ તેમના ઉપર ડેરીમાં ભ્રષ્ટાચારના અનેક આક્ષેપો થયેલા હોઈ હાઈકોર્ટ તપાસ માટે અધિકારીની નિમણુંક કરી છે. જ્યારે ડેરીની મુદત પૂર્ણ થતા વહીવટદારની પણ નિમણુંક કરાયેલી છે. ત્યારે પરથીભાઈ દ્વારા હજુ પણ તેમના ભ્રષ્ટાચારના આક્ષેપો તપાસ દરમિયાન સાબીત થાય તે અગાઉ ચૂંટણી યોજવા અવારનવાર સરકાર તથા હાઈકોર્ટમાં અરજ કરવાનું ચાલુ રાખ્યું છે. ત્યારે સરકારે પાલીકા, પંચાયતોની ચૂંટણીનું કારણ આગળ ધરી સમય સંજોગોને આધીન સહકારી સંસ્થાઓની ચૂંટણીઓ ૫ ડિસેમ્બર સુધી નહી યોજવાનો આદેશ કરતા પરથીભાઈના મનસુબા પર પાણી ફરી વળ્યું છે.



## મોડાસાના રીક્ષા ચાલકોએ કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

મોડાસા શહેરમાં અંદાજે ૪૦૦ જેટલા રીક્ષાચાલકો ઓટો રીક્ષા ચલાવે છે. સ્થાનિક તંત્ર દ્વારા આવા રીક્ષા ચાલકો માટે નિયમ મુજબ સ્ટેન્ડ ઉભા કરવામાં આવ્યા છે. પરંતુ મોડાસા પોલીસ દ્વારા નિયત રીક્ષા સ્ટેન્ડ ઉપર રીક્ષાઓ ઉભી ન રાખવા દેતા રીક્ષા ચાલકોએ રોષની લાગણી વ્યક્ત કરી છે અને રીક્ષા ચાલક મંડળે આ મામલે અરવલ્લી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. શહેરમાં રીક્ષાચાલકોએ શાસ્ત્રી રેલવે મેદાન ખાતે રીક્ષા ઉભી કરી દીધી હતી અને જોરદાર વિરોધ પ્રદર્શન કર્યુ હતું અને રીક્ષા ચાલકોની માંગ નહી સંતોષાય તો રીક્ષા ચાલકોએ આગામી દિવસોમાં ભુખ હડતાલ પર ઉતરવાની ચીમકી ઉચ્ચારી હતી.

# બનાસડેરી પુનઃ વિવાદમાં : સહકાર વિભાગના મુખ્ય કાર્યપાલક અધિકારી દ્વારા છેલ્લા બે વર્ષનો રીઓડીટ કરવા આદેશ

ડીસા, તા. ૨૯

એશિયાની પ્રથમ ક્રમની ગણાતી બનાસ ડેરી પુનઃ વિવાદમાં સપડાઈ છે કેમકે, અહી, ધી માહી દૂધ ઉત્પાક સહકારી મંડળીના ચેરમેનની એક ખાનગી ફરિયાદ આધારે ગુજરાત સરકારના સહકાર ખાતાના નિરિક્ષણ અને અન્વેષણ સામિતિનાં મુખ્ય કાર્યપાલક અધિકારી કોશીક જોશીએ 'બનાસડેરી' પાલનપુરનું અગાઉ વર્ષ ૨૦૧૩-૨૦૧૪ અને ૨૦૧૪-૨૦૧૫ના સમયનું રીઓડીટ હાથ ધરવા હુકમ કરતા આ નવીન વિવાદથી ગરમાવો આવેલ છે.

આ બનાવની વિગત જોઈએ તો બનાસડેરીનો વહીવટ છેલ્લા ઘણા સમયથી વિવાદમાં સપડાયો છે. જેમાં ચૂંટણી અને પૂર્વ ચેરમેન પરથીભાઈ ભટોળ પર અનેકો ભ્રષ્ટાચારના કહેવાતા આક્ષેપો થયા હતા. જે આક્ષેપોમાં હાઈકોર્ટે જ્યારે ન્યાયિક તપાસના આદેશો જારી કર્યા છે ત્યારે સરકાર દ્વારા હાલમાં બનાસડેરીમાં વહીવટદાર મુકાયેલા છે, જો કે અગાઉના વર્ષ ૨૦૧૩-૧૪ અને વર્ષ ૨૦૧૪-૧૫નું બનાસડેરીનું ઓડીટ સરકારી રાહે કરવાને બદલે પ્રાઈવેટ સંસ્થા દ્વારા કરવામાં આવેલ છે. જે મુદ્દો બનાવી ધી માહી દૂધ ઉત્પાદક સહકારી મંડળી તાલુકો-વડગામના ચેરમેન કેશરભાઈ પરથીભાઈ ચૌધરી આ બન્ને વર્ષના ઓડીટ સામે નારાજગી દર્શાવી બનાસડેરીના આ બન્ને વર્ષોનું સ્પેશ્યલ ઓડીટર દ્વારા રીઓડીટ કરાવવા રાજ્યના સહકાર વિભાગમાં સ્પેશ્યલ અરજી કરી હતી. આ અરજી અનુસંધાને રાજય સહકાર વિભાગના નિરિક્ષણ અને અન્વેષણ સમિતિના મુખ્ય કાર્યપાલક અધિકારી કોશીક જોશીએ ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ ૮૪(૬) મુજબ બનાસડેરીના અગાઉના વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫નાં સમયના ઓડીટનું રીઓડીટ હાથ ધરવા આદેશ કરી મહેસાણા મિલ્ક ઓડીટ ઓફીસના સ્પેશ્યલ ઓડીટરની આ તપાસ અર્થે નિમણુંક કરેલ છે. આ કામના ફરિયાદી એવા કેશરભાઈ ચૌધરીએ અગાઉના પ્રાઈવેટ ઓડીટમાં બનાસડેરીમાં ખરીદ-વેચાણ, ભરતી, બાંધકામ, દૂધ પરિવહનનો કોન્ટ્રાક્ટ સહિતના મુદ્દા પરત્વે સરકારનું ધ્યાન દોરતા આ રીઓડીટ આદેશ કરાયો છે. ત્યારે શું રીઓડીટમાં કહેવાતો ભ્રષ્ટાચાર બહાર આવશે કે નહી તેના પર સહકારી આગેવાનોની મીટ મંડાતા આ રીઓડીટ મુદ્દો ચકચારી બન્યો છે.

# સાયન્સ સીટીની નજીક ટ્રક પલટી ખાતાં ડ્રાઈવરનું મોત

અમદાવાદ, તા. ૨૯

શહેરના સાયન્સ સીટી નજીક આજે વહેલી સવારે ટ્રક ડ્રાઈવરને ઝોકું આવી જતાં ટ્રક પલટી ખાઈ હતી. આ ઘટનામાં ટ્રક ડ્રાઈવર ટ્રક નીચે દબાઈ જવાથી ઘટના સ્થળે કમકમાટી ભર્યુ મોત નિપજ્યું હતું. આ ઘટનાની જાણ સોલા પોલીસ ને કરતોં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આવ્યા હતા અને તપાસ હાથ ધરી હતી. આ અંગે પોલીસે અકસ્માતે મોતનો ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સૂત્રો મુજબ રાજકોટના ગોંડલ રોડ પર આવેલ ભૈયા ટ્રાન્સપોર્ટ કંપનીની બસ આજે વહેલી સવારે ૫:૧૫ વાગ્યાના સુમારે સાયન્સ સીટીથી ઓગણજ તરફ પસાર થઈ રહી હતી. તે દરમિયાન ટ્રક ડ્રાઈવરને ઝોંકુ આવી જતાં ટ્રક રોડની એક તરફ પલટી ખાઈ ગઈ હતી. આ ઘટનામાં ટ્રક ડ્રાઈવર અને કલીનર ટ્રક નીચે દબાઈ ગયા હતા. જો કે આ ઘટનામાં કલીનરનો બચાવ થયો હતો. પરંતુ આ ઘટનામાં ટ્રક ડ્રાઈવરનું દબાઈ જવાના કારણો ઘટના સ્થળે જ કમકમાટી ભર્યુ મોત નિપજયુ હતું. આ ઘટનાની જાણ ફાયર બિગ્રેડને કરતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને બચાવ કામગીરી હાથ ધરી હતી. ફાયર બિગ્રેડના જવાનો એ મૃતક ટ્રક ડ્રાઈવરના મૃતદેહને બહાર કાઢ્યા હતા. આ ઘટનાની જાણ સોલા પોલીસને કરતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આવ્યા હતા અને તપાસ હાથ ધરી હતી. પોલીસે મૃતક ડ્રાઈવરના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અંગે સોલા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વસ્ત્રાપુરની રેસ્ટોરન્ટમાં વહેલી પરોઢે આગ લાગી

અમદાવાદ, તા. ૨૯

શહેરના વસ્ત્રાપુરમાં હિમાલય મોલ નજીક આવેલા એક રેસ્ટોરન્ટમાં આજે વહેલી સવારે અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. આ ઘટના બનતા ભારે અફરા તફરી મચી ગઈ હતી અને આસપાસના લોકોમાં નાસભાગ મચી જવા પામી હતી. આ ઘટનાની જાણ ફાયરબિગ્રેડ ને કરતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આવ્યા હતા અને પાણીનો મારો ચલાવ્યો હતો. આ ઘટનામાં બે કલાકના ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવી શકાયો હતો. આ ઘટનામાં ફર્નિચર બળીને ખાક થઈ ગયું હતું. તેમજ લાખોની સંપતિને નુકસાન થયા હોવાનું જાણવા મળ્યું હતું. સૂત્રો મુજબ આજે વહેલી સવારે પોણાપાંચ વાગ્યાની સુમારે વસ્ત્રાપુર વિસ્તારમાં હિમાલયા મોલ પાસે આવેલ બોમ્બે ટોકીઝ નામના રેસ્ટોરામાં અચાનક આગ ફાટી નીકળી હતી. આ ઘટના બનતા રેસ્ટોરામાં સુતેલા કર્મચારી અને આસપાસના લોકોમાં નાસભાગ મચી જવા પામી હતી. આ ઘટનાની જાણ ફાયરબિગ્રેડને કરતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આવ્યા હતા. અને પાણીનો મારો ચલાવી આંગને કાબુમાં લેવાનો પ્રયાસ કર્યોહતો. આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં બે કલાકના ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવી શકાયો હતો. આ ઘટનામાં હુક્કાબાર, ફર્નિચર તેમજ અન્ય ચીજવસ્તુઓ બળીને ખાક થઈ ગયું હતું આ ઘટનાની જાણ વસ્ત્રાપુર પોલીસને કરતાં તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. આગ લાગવવાનું ચોક્કસ કારણ મળ્યું નથી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



**પાટીદાર આંદોલન :** પાટીદાર અનામત આંદોલન સંદર્ભે પોલીસ દ્વારા કરાયેલા કેસના પગલે પાટીદાર સમાજના નેતાઓને કોર્ટમાં રજૂ કરાયા હતા.

# પરીક્ષામાં ગેરરીતીઓ રોકવા શિક્ષણ બોર્ડનો નવતર પ્રયોગ

અમદાવાદ, તા. ૨૯

સરકારી ભરતીની પરીક્ષામાં જે રીતે એક જ બ્લોકમાં બેસેલા વિદ્યાર્થીઓનાં પ્રશ્નપત્ર અલગ-અલગ હોય છે. તેવોજ પ્રયોગ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આવતીકાલથી લેવાનાર ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની બોર્ડની પરીક્ષામાં કરવામાં આવ્યો છે. આ ઉપરાંત દરેક વિદ્યાર્થીનાં પ્રશ્નપત્ર અને ઓએમઆર સીટમાં તેમના નામ અને નંબર પણ છપાયેલા હશે. શિક્ષણ બોર્ડનાં આ નવતર પ્રયોગથી વિદ્યાર્થીઓ માટે પરીક્ષામાં ગેરરીતી કરવી અશક્ય બની જશે તેવો મત શિક્ષણવિદો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષામાં ગેરરીતિ અટકાવવા માટે સીસીટીવી કેમેરા હોય તેવી શાળાઓમાં જ પરીક્ષા કેન્દ્રો ફાળવવામાં આવે છે. જેને પ્રમાણમાં સારી એવી સફળતા મળ્યા બાદ ગેરરિતી અટકાવવા હવે એક નવતર પ્રયોગ હાથ ધરવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત શિક્ષણ બોર્ડ દ્વારા આવતીકાલથી શરૂ થઈ રહેલ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૧ અને ૩ની પરીક્ષામાં નવી થીયરી અપનાવી છે. જેમાં જે યુનિટ હોય તેનાં નામનું જ સીલબંધ બોક્સ આપવામાં આવ્યું છે. આ સીલબંધ બોક્સમાં જે તે યુનિટનાં વિદ્યાર્થીઓના પ્રશ્નપત્ર નામ અને નંબર સાથે હોય છે અને જે તે વિદ્યાર્થીની ઓએમઆર સીટ પણ નામ અને નંબર છાપેલી જ આપવામાં આવે છે. આટલું જ નહીં પરંતુ સરકારી પરીક્ષામાં જે રીતે એક બ્લોકમાં ૨૦ વિદ્યાર્થીઓ હોય તો તેમનાં એક જ વિષયનાં પેપર હોવા છતાં તમામના પ્રશ્નપત્રો અલગ-અલગ પ્રકારનાં હશે. એટલે કે તમામ પરીક્ષાર્થીઓનાં પેપરમાં તેમના પ્રશ્નોના ક્રમાંક અલગ-અલગ હશે. જેથી જો કોઈ વગદાર હશે તો પણ બાજુનાં વિદ્યાર્થીમાંથી કે તેની ઓએમઆર સીટમાંથી કોપી કરી શકશે નહીં શિક્ષણ બોર્ડના આ નવતર પ્રયોગથી પરીક્ષામાં ચોરીનુ દુષણ મદદઅંશે દુર થઈ જશે તેમ માનવામાં આવી રહ્યું છે. સાથે જ આ પ્રયોગથી પરીક્ષામાં હોશિયાર વિદ્યાર્થીઓને ચોક્કસ ફાયદો થશે તેમ માનવામાં આવી રહ્યું છે. તેમજ કોપી કરીને કે યેનકેન પ્રકારે ગેરરીતી આચરતા વિદ્યાર્થીઓ માટે આ પ્રયોગનાં અમલ બાદ ચોરી કરવી અશક્ય બનશે તેમ માનવામાં આવી રહ્યું છે.



દિવાળી નજીક આવી પહોંચી છે ત્યારે કારીગરો ચોપડા બનાવવામાં લાગેલા છે.

# ગુજરાતના વિવિધ ભાગમાં કોલ્ડવેવ ચેતવણી જારી થઈ

અમદાવાદ, તા. ૨૯

અમદાવાદ સહિત ગુજરાતના વિવિધ ભાગોમાં હવે ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. રાત્રિ ગાળા દરમિયાન લોકોને હવે ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. બીજી બાજુ હવામાન વિભાગે કોલ્ડવેવની ચેતવણીની પણ વાત કરી છે. ઓછા તાપમાનની ચેતવણી જારી કરવામાં આવ્યા બાદ લોકો સાવધાન થઈ ગયા છે. એકાએક ઠંડીનો ચમકારો જોવા મળે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. સાઈક્લોનિક સ્ટ્રોમ અથવા તો ચક્રવાતી વાવાઝોડુ ચપાલા આગળ વધી રહ્યું હોવાના અહેવાલ પણ મળી રહ્યા છે. આ વાવાઝોડુ મુંબઈથી ૧૧૨૦ કિલોમીટરના અંતરે હોવાનું જાણવા મળ્યું છે. તે હવે વધુ તીવ્ર બની શકે છે. બીજી બાજુ તાપમાનમાં ઉલ્લેખનીયરીતે ઘટાડો થયો છે. હવામાન વિભાગ તરફથી ઓછા તાપમાનની ચેતવણી જારી કરાઈ છે. ગુજરાતના વિવિધ ભાગો, દિવદમણ, દાદરાનગર હવેલીના કોલ્ડવેવની સ્થિતિ રહી શકે છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૧.૨ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૭.૧ ડિગ્રી નોંધાયું હતું. બીજી બાજુ નલિયામાં લઘુત્તમ તાપમાન ઘટીને ૧૫.૮ ડિગ્રી થઈ ગયું છે. પાટનગર ગાંધીનગરમાં ૧૪.૮ ડિગ્રી અને ડિસામાં ૧૪.૬ ડિગ્રી તાપમાન થઈ ગયું છે. કેટલીક જગ્યાએ વધારે ઠંડીનો અનુભવ થયો છે જેમાં ડિસા, ગાંધીનગર, નલિયાનો સમાવેશ થાય છે. આગામી દિવસોમાં તાપમાનમાં વધુ ઘટાડો થવાના સંકેત પણ દેખાઈ રહ્યા છે.

## કંપની સમાચાર

### એશિયન પેઈન્ટસ દ્વારા ગ્રીન પેઈન્ટિંગ સર્વિસ આરંભાઈ

પર્યાવરણ અનુકૂળ હોવાની સંકલ્પનાની વ્યાખ્યા કરતી સૌથી સરળ રીત પર્યાવરણને બિલકુલ હાનિ ન પહોંચાડવાના હેતુ સાથે જીવવું તે છે. આને ધ્યાનમાં રાખીને પેઈન્ટ ક્ષેત્રમાં પર્યાવરણીય જવાબદાર બજાર આગેવાન એશિયન પેઈન્ટસ બધી સપાટીઓ માટે પર્યાવરણ અનુકૂળ જળ આધારિત પેન્ટસ શ્રેણી ગ્રીન પેઈન્ટિંગ સર્વિસ (જીપીએસ) લઈને આવી છે.

આ અવસરે બોલતાં એશિયન પેઈન્ટસ લિ.ના સેલ્સ, માર્કેટિંગ અને ટેકનોલોજીના પ્રેસિડેન્ટ શ્રી અમિત સિંગલેએ જણાવ્યું હતું કે આપણી પરંપરા ખાસ કરીને તહેવારની મોસમ દરમિયાન હંમેશા પર્યાવરણ સાથે સુમેળ સાધે છે. પર્યાવરણ અનુકૂળતાનું મહત્વ જણાવતાં સોહા અલી ખાને ઉમેર્યું હતું કે એશિયન પેઈન્ટસ સદા પર્યાવરણીય જવાબદાર કંપની રહી છે. પેઈન્ટ ઉદ્યોગમાં તે આગેવાન હોઈ તેણે ગ્રાહકો માટે ઉત્તમ અને સુરક્ષિત પ્રોડક્ટો વિકસાવી છે.

એશિયન પેઈન્ટસ ઉત્તમ અને સુરક્ષિત પ્રોડક્ટો વિકસાવવામાં પેઈન્ટ ઉદ્યોગમાં આગેવાન છે. પર્યાવરણ અનુકૂળ અને જળ આધારિત પેઈન્ટસ પેઈન્ટ ટેકનોલોજીનું ભાવિ તરીકે લાંબા સમયથી જોવામાં આવે છે. હવે આ સમય પાકી ગયો છે. જ્યાં આ ભાવિનું એશળિયન પેઈન્ટસના ઈઝઈકલર હોમ સોલ્યુશન્સ દ્વારા જીપીએસની રજૂઆત સાથે આગમન થઈ ચુક્યું છે. ઈઝીકલર હોમ સોલ્યુશન્સ એશિયન પેઈન્ટસની વ્યાવસાયિક પેઈન્ટિંગ સેવા છે, જે સર્વે પેઈન્ટિંગની આવશ્યકતાઓ માટે પરિપૂર્ણ નિવારણો ઓફર કરે છે.

## રાજ ઠાકરે દ્વારા ટીકા

● અનુસંધાન પહેલાનું ચાલુ

દર્શાવવામાં આવે તેવી ટકોર રાજ ઠાકરેએ કરી હતી. ઓક્ટોબર ૨૦૧૫ સુધી મોદી ૨૮ વિદેશી પ્રવાસ કરી ચુક્યા છે. મોટાભાગની યાત્રા એશિયન દેશોની રહી છે. તેઓ એક્ટ ઈસ્ટ પોલીસીને પણ અમલી બનાવી રહ્યા છે. મુંબઈ અને અમદાવાદ વચ્ચે સુચિત બુલેટ ટ્રેનની ટિકા કરતા ઠાકરેએ કહ્યું હતું કે, આ સુપરફાસ્ટ ટ્રેન રજુ કરીને તેની પાછળનો હેતુ શું છે તે વાત સમજાતી નથી. મુંબઈ અને અમદાવાદ વચ્ચે અમને શા માટે બુલેટ ટ્રેનની જરૂર છે. બીજા રાજ્યમાં કેમ નહીં? માત્ર ગુજરાતમાં જઈને ગુજરાતી વાનગીઓ ખાઈને પરત ફરવાની બાબતનો કોઈ હેતુ નથી. તેમણે ઉમેર્યુ હતું કે ભાજપ અને શિવસેના વચ્ચે પણ મડાગાંઠની સ્થિતિ રહેલી છે. બન્ને પક્ષો જાહેરમાં આક્ષેપબાજી કરી રહ્યા છે. પતિ પત્નિ વચ્ચેની લડાઈ પણ આ પ્રકારની રહેતી નથી. રાજ ઠાકરેએ કહ્યું હતું કે, માત્ર ભાજપના જ અચ્છે દિન આવ્યા છે. તેમના સાથીઓ અને તેમના પ્રધાનોને હજુ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

**લોકપ્રિયતા અકબંધ...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગઠબંધન માટે મત આપવા માંગે છે. વિકાસ માટેના અભિપ્રાય સાથે કેન્દ્રમાં ભાજપની સરકાર અત્યારે સત્તારૂઢ છે. અન્ય કારણ એ પણ છે કે જનતાદળ યુનાઈટેડ, રાષ્ટ્રીય જનતા દળ અને કોંગ્રેસ દ્વારા રચવામાં આવેલા મહાગઠબંધન તકવાદી ગઠબંધન છે. વિકાસ ઉપર તેમનું કોઈ ધ્યાન નથી. જેટલીએ ઉમેર્યુ હતું કે, નેશનલ ડેમોક્રેટીક એલાઈન્સ દ્વારા બુધવારના દિવસે યોજાયેલી વિધાનસભાની ચુંટણીમાં ત્રીજા તબક્કામાં સ્પષ્ટ લીડ મેળવી લીધી છે. અમને આશા છે કે ભાજપના નેતૃત્વમાં એનડીએ પહેલી નવેમ્બરના દિવસે ચોથા તબક્કામાં અને પાંચમી નવેમ્બરના દિવસે છેલ્લા અને અંતિમ તબક્કામાં મજબુત બહુમતી હાંસલ કરી લેશે. બિહારમાં હાલ જીતવાના દાવા સામસામે થઈ રહ્યા છે.

**અપંગ બનશે...** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહાનગરપાલિકામાં આસિ. કમિશનરની જગ્યા પણ ખાલી છે અને ડે. મ્યુનિ. કમિશનર જતાં વહીવટીતંત્રની કામગીરી લગભગ ઠપ્પ જેવી થઈ જશે. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી ધર્મેશ પટેલને અરવલ્લી જિલ્લામાં નિયુક્ત કરવામાં આવ્યા છે. જિલ્લામાં ચૂંટણી કામગીરીના અનુભવી અધિકારી અન્ય જિલ્લામાં મુકાતાં પણ તંત્રની કામગીરીમાં થોડીક રૂકાવટો આવશે. આ બન્ને અધિકારીઓ શનિવારે છુટા થઈ સોમવારે પોતાના નવા હોદ્દાનો ચાર્જ સંભાળશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

**કોહરામ મચાવ્યો...** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજુ ગુલઝાર યાદવ રસ્તાની સાઈડમાં સ્કૂટર ઉભી રાખીને વાતો કરતા હતા. ત્યારે યમરાજ બનીને આવેલા આ નબીરાએ ટક્કર મારતા બંને ગાર્ડ ગંભીર રીતે ઘાયલ થયા હતા. જે પૈકી રાજકુમાર યાદવનું મૃત્યુ થઈ ગયું હતું. ત્યાંથી એક ને મોતને ઘાટ ઉતારીને ભાગેલા આ શખ્સે સોલ્ટ માઉન્ટ પાસે ડાયવર્ઝનના ડીવાઈડર પર મોતની ગાડી ચઢાવી દીધી હતી. ત્યાંથી માંડ ગાડી બહાર નીકાળ્યા બાદ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયાના ગેટ તરફ જતા માર્ગ પર બેફામ ગતિએ નીકળેલા આ નબીરાને એક એમ્બ્યુલન્સના ડ્રાઈવરે એમ્બ્યુલન્સમાંથી ઉતરીને રોકવાનો પ્રયત્ન કર્યો તો તેના પગ પર પણ ગાડી ચઢાવી મહાત્મા મંદિર ફેરવી ગાડી સે. ૧૩ તરફ ભગાડી હતી. રસ્તામાં એક રીક્ષા અને એક બ્લ્યુ કલરની અલ્ટો ગાડીને ટક્કર માર્યા બાદ સે. ૧૩માં એક મકાન બહાર શોકસભા ચાલી રહી હતી તે દિશામાં બેફામ ગતિએ આ ગાડી જઈ રહી હતી. તેમાં ગાડી ઘુસાડી નાંખે તે પહેલા જ તેને પકડી પબ્લીકે મેથીપાક ચખાડીને પોલીસને સોંપી દીધો હતો.

અમદાવાદના રાણીપ વિસ્તારમાં રહેતો અને નંદા ઓટોમોબાઈલ્સમાં કાર વોશીંગનું કામ કરતો દિપક પરમાર નામનો શખ્સ પોલીસ સામે પણ ઉભો રહી શકે નહી તે હદે નશામાં હતો. દિપકની ધરપકડ કરીને પોલીસે ગાડી જપ્ત કરી કાર્યવાહી શરૂ કરી છે. ગાડી જપ્ત કરી ત્યારે ફ્રંટીના કાચ ટુટી ગયેલા અને ટાયર તથા બોનેટ પર લોહીના ડાઘા જામી ગયેલા હતા. તે ઉપરાંત અંદરથી દારૂની ખાલી બોટલ, પાણીની બોટલ અને બાયટીંગ પણ મળી આવ્યું હતું.

**સ્પર્ધામાં નથી...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

નિતિશકુમારે એમપણ કહ્યુંહતુંકે, બિહારમાં વિધાનસભાની ચુંટણી પાંચમાં અને અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. તેઓ સત્તામાં ત્રીજી વખત આવવા માટે તૈયાર છે. તેમણે એમપણ કહ્યું હતું કે, બિહારમાં કોઈપણ પ્રકારની સ્પર્ધા નથી. નજીકની સ્પર્ધા હોવાના અહેવાલ પાયા વગરના છે. ભાજપ દ્વારા રાજકીય ઉત્તેજના ફેલાવવાના પ્રયાસ કરાઈ રહ્યા છે. તેઓ બિનજરૂરી ચર્ચા જગાવવામાં નિષ્ણાંત રહેલા છે. ટેકનીકનો ઉપયોગ કરી રહ્યા છે અને લોકપ્રિયતા મેળવવાના પ્રયાસ કરી રહ્યા છે. ભાજપને ૨૦૧૪ સામાન્ય ચુંટણીમાં જંગી બહુમતી મળી હતી. કારણકે તેમની અને આરજેડી વડા લાલુ યાદવ વચ્ચે મતોના વિભાજન કરવામાં તેઓ સફળ રહ્યા હતા. ભાજપ બિહારમાં કોઈ મજબુત નેટવર્ક ધરાવતું નથી. લોકસભા ચુંટણીમાં તેમની વચ્ચે વિભાજનના કારણે આ પાર્ટીને સફળતા મળી હતી. આ વખતે સ્થિતિ બદલાઈ ચુકી છે.

**શિયાળાનું આગમન...** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે ઠંડી ગરમીની બેવડી અસર વચ્ચે નગરજનો ડબલ સિઝનનો અહેસાસ કરી રહયા હતા. મૌસમના વિચિત્ર મિજાજથી નગરજનોમાં પણ સુસ્તીની અસર વર્તાઇ રહી હતી. જયારે છેલ્લા બે ત્રણ દિવસથી શહેરમાં ઠંડીનુ મોજુ ફરી વળતા નગરજનો રીતસર શિયાળાની ઠંડીનો અહેસાસ કરી રહયા છે. સાંજ ઢળતા જ વાતાવરણમાં ઠંડીનો ચમકારો વર્તાય છે. જયારે વ્હેલી સવારે પણ ઠંડીના લીધે મોર્નિંગ વોક કરનારાઓ ગરમ કપડામાં લેપટાયેલા જોવા મળે છે. વાતાવરણમાં ગરમીનો પારો નીચો ઉતરી રહયો છે. આજે પણ મહત્તમ તાપમાન ૩૧.૫ ડીગ્રી નોંધાયુ હતુ.જયારે લઘુત્તમ તાપમાન ૧૪.૫ ડીગ્રી નોંધાતા શહેરીજનોએ શિયાળાની શરૂઆત થઈ ગઈ હોવાનો અહેસાસ કર્યો હતો. મોસમના તેવર બદલાતા ગુલાબી ઠંડીની મોસમના પગરણથી વહેલી સવારે મોર્નિંગ વોક કરનારાઓની સંખ્યા વધી રહી છે. જયારે ઠંડીનુ મોજુ ફરી વળતા નગરના જનજીવન પર તેની અસર વર્તાઇ રહી છે. સાંજ ઢળતા શહેરના માર્ગો પર જતા રાહદારીઓ ઉની કપડામાં લપેટાયેલા જોવા મળે છે. જયારે સેકટરોના બજારમાં પણ ગરમ દિવાળીની ખરીદી સાથે ગરમ કપડાનુ વેચાણ વધી ગયુ છે શહેરમાં ઠંડીના ચમકારાની સાથે ગરમ કપડાના વેચાણ માટે તિબેટીયન બજાર પણ આવી ગયુ છે. જો કે દિવસ દરમિયાન હજુ થોડી ઘણી ગરમી અનુભાવાતા નગરજનો બેવડી ઋતુથી પણ પ્રભાવિત છે. છેલ્લા બે

**અટક બદલેલ છે**

મારી જુની અટક / નામ શર્મા હિનિકા વિજયકુમાર હતું તે બદલીને અટક / નામ ખંડેલવાલ હિનિકા વિજયકુમાર રાખેલ છે.

લી.

**ખંડેલવાલ હિનિકા વિજયકુમાર**

પ્લોટ નં. ૯૧૪/૨,

સેક્ટર-૪ડી, ગાંધીનગર